RIGHT TO INFORMATION

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી નં.૬૦૬ તા.૩–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નાગરભાઈ એન.ચૌહાણ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટીપી)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નાગરભાઈ એન.ચૌહાણની તા. ૩–૧૧–૧૧ની અરજીથી પાલ ટીપી નં.૧૦–૧૧–૧૨–૧૩–૧૪ માં અનામત પ્લોટ (રીઝર્વેશન મુકેલા પ્લોટ) ની દરેક વિગતો જેવી કે ટી.પી. ફાઈનલ પ્લોટ નં.–સર્વે નંબર–કેટલા ચો.મી. જમીન છે તથા કયા હેતુ માટે અનામત મુકેલ છે તે બધી વિગતો દર્શાવતો ટીપી –૧૦–૧૧–૧૨–૧૩–૧૪ ના દરેકના નકશાની ઝેરોક્ષ પ્રમાણિત કરેલ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૦૬/૨૦૧૧–૧૨

શ્રી નાગરભાઈ એન.ચૌહાણની તા. ૩–૧૧–૧૧ની અરજીથી પાલ ટીપી નં.૧૦–૧૧–૧૨–૧૩–૧૪ માં અનામત પ્લોટ (રીઝર્વેશન મુકેલા પ્લોટ) ની દરેક વિગતો જેવી કે ટી.પી. ફાઈનલ પ્લોટ નં.–સર્વે નંબર–કેટલા ચો.મી. જમીન છે તથા કયા હેતુ માટે અનામત મુકેલ છે તે બધી વિગતો દર્શાવતો ટીપી –૧૦–૧૧–૧૨–૧૩–૧૪ ના દરેકના નકશાની ઝેરોક્ષ પ્રમાણિત કરેલ આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તથા** વધુમાં અરજદારની તા. ૨૧–૧૨–૧૧ની અરજી તથા તેના અનુસંધાને થયેલ કાર્યવાહીની વિગતો તથા તા. ૨–૧૨–૧૧નો પત્ર મોકલ્યાના આધાર સહ તેની નકલ પણ મોકલાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૬૧ તા.૧૪–૨–૧૨ થી ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટીપી) તથા અરજદારને મૂળ માંગેલ માહિતી– ફી ભર્યાની વિગત, જાહેર માહિતી અધિકારીના તા. ૨–૧૨–૧૧ના પત્રની વિગતો જણાવેલ ન હોઈ, તે સ્પષ્ટ કરવા સાથે તા. ૨૧–૧૨–૧૧ના પત્રની નકલ પણ રજૂ કરવા સાથે અપીલ દરમ્યાન માહિતી મળે અને ત્યાર બાદ નારજગી અંગે મુદ્દાવાર આધાર સહ સ્પષ્ટતા કરવા પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ટીપીડી/આ.નં.૬૨૫ તા.૫–૩–૧૨ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૨૪ તા.૪–૧૧–૧૧ થી જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનરશ્રી ટાઉન પ્લાનીગને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને માહિતી માટે ફી ભરવા અંગે પત્ર નં.ટીપીડી/આ.નં.૪૨૮ તા.૨–૧૨–૧૧ના પત્રની નકલ, અરજદારનો તા.૧૯–૧૨–૧૧ ના પત્રની નકલ, ફોર્મ–એફની નકલ, ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ના પ્રારંભિક યોજના પત્રકની નકલ, અરજદારને માહિતી મેળવવા નાણા ભરપાઈ કરવા પત્ર નં.ટીપીડી/આ.નં.૫૮૪ તા.૧૩–૨–૧૨ ના પત્રની નકલ, પત્ર નં.ટીપીડી/આ.નં.૬૦૦ તા.૧૮–૨–૧૨ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ, ફી ભર્યાની રસીદ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૩–૨–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૩–૧૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૧૪૨૪ તા.૪–૧૧–૧૧ થી જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનરશ્રી ટાઉન પ્લાનીગને સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં.૪૨૮

તા.૨–૧૨–૧૧ થી માહિતી પેટે ફી ભરવાનો પત્ર અરજદારને આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી તા.૩–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પાલની ટીપી સ્કીમ નં.૧૦,૧૧,૧૨,૧૩,૧૪ ના રીઝર્વેશન પ્લોટોની માહિતી નકશા અન્વયે જણાવવાનું કે તમોએ માંગેલ માહિતી પૈકી પાલની ટીપી સ્કીમ નં.૧૦ અને ૧૪ માં આવેલ રીઝર્વેશન પ્લોટોના ફોર્મ–એફની નકલ તથા સ્કીમના નકશાની ઝેરોક્ષની નકલ મેળવવા માટે રૂા.૬૩૮/– ટાઉન પ્લાનીંગ ખાતામાં જમા કરાવ્યેથી ઉપલબ્ધ થઈ શકશે. જયારે પાલ વિસ્તારમાં ટીપી સ્કીમ નં.૧૧ ૧૨,૧૩ લાગુ પડતી નથી. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.૫૮૪ તા.૧૩–૨–૧૨ થી અગાઉના પત્રમાં જણાવ્યા મુજબ રૂા.૬૩૮/– કચેરીમાં જમા કરાવવા જણાવવામાં આવેલ પરંતુ અરજદારે તા.૧૯–૧૨ –૧૧ ના પત્રથી નકશાની ઝેરોક્ષ નકલ જોઈતી નથી ફકત પાલ ટીપી સ્કીમ નં.૧૦ અને ૧૪ માં અનામત પ્લોટ (રીઝર્વેશન મુકેલા પ્લોટ) ની દરેક વિગતો જેવી કે ટીપી ફાઈનલ પ્લોટ નંબર, સર્વે નંબર, કેટલા ચો.મી. જમીન છે ત્યાં કયા હેતુ માટે અનામત મુકેલ છે જેની વિગતો ન જોઈએ છે તો ઉપરની વિગતો માટે કેટલા રૂપિયા ભરવાના થાય છે તે જણાવશો. તેવું જણાવેલ. ટીપી સ્કીમ નં.૧૦ (પાલ) તથા ૧૪ (પાલ) ના રીઝર્વેશન હેઠળના પ્લોટની ફોર્મ એફની નકલ મેળવવા રૂા.૪/– જમા કરાવ્યેથી ઉપલબ્ધ થઈ શકશે. તેવું જણાવેલ છે. ત્યાર બાદ અરજદારે રસીદ નં.૧૭૦૬૫૨ તા.૧૬–૨–૧૨ થી રૂા.૪/– ટાઉન પ્લાનીંગ કચેરીમાં ભરપાઈ કરી માહિતી મેળવેલ છે. આમ અરજદારે તેમના તા.૨૩–૨–૧૨ ના પત્રથી મને માહિતી મળી ગયેલ છે જેથી હવે કોઈ મારી ફરીયાદ રહેતી નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારને માહિતી મળી ગયેલ હોય ફરીયાદ રહેતી ન હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૩–૨–૧૨ ધ્યાને લેતાં ૩–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૧૮–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૩–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ તેમજ અરજદારે તેમના તા.૨૩–૨–૧૨ ના રોજના પત્રથી માહિતી મળી ગયેલ હોય અને હવે કોઈ ફરીયાદ રહેતી નથી તેવું જણાવેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ટીપી)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી નાગરભાઈ એન.ચૌહાણ